## Inauguration ceremony of Remedial Coaching for the preparations of GPAT exam at Department of Pharmaceutical sciences in the presence of Prof. Nikesh Shah – Coordinator, CCDC, Dr. Mihir Raval – Head of the department and Dr. Sunny Shah – Expert Faculty on dated : 31st July, 2018.










Re-Accredited Grade
'A' by NAAC

SC/ST/OBC and Minority under UGC XII PLAN

**REMEDIAL COACHING CENTRE**

C/o, CCDC, 104, ACADEMIC CENTRE, B/h, CENTRAL BANK OF INDIA
SAURASHTRA UNIVERSITY, RAJKOT

ज्ञान-विज्ञान विमुक्तये

---

તા. ૨૦/૦૬/૨૦૧૮

પ્રતિ,
અધ્યક્ષશ્રી,
.......................................ભવન.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**વિષય :– રેમેડિયલ કોચીંગ ક્લાસ UG/PG સ્કીમ...**

માનનીય,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યુ.જી.સી.ની ૧૨મી પંચવર્ષીય યોજના અન્વયે રેમેડિયલ કોચીંગ ક્લાસ UG/PG સ્કીમ અમલમાં મૂકેલ છે. ૧૨મી પંચવર્ષીય યોજના અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન **FOUNDATION PROGRAMME FOR BASIC SUBJECTS OF U.G./P.G. LEVEL** ના વિષયો માટે **જુલાઈ–૨૦૧૭થી** રેમેડિયલ કોચીંગ કલાસનું આયોજન કરવામાં આવનાર છે. જે માટેના કોર્સના ઘડતર માટે તથા આપના ભવનના વિદ્યાર્થીઓને આ સ્કીમનો લાભ આપી શકાય તે માટે ભવનના એક અધ્યાપકશ્રીને નિયુકત કરીને તેમના નામ, મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ અત્રેના સેન્ટરને **તા. ૨૭–૦૬–૨૦૧૮** સુધીમાં મોકલી આપવા વિનંતી છે. આ માટે આવા નિયુકત અધ્યાપકશ્રીઓની એક મીટીંગ આ કોર્ષના ઘડતર માટે આગામી **તા. ૨૮–૦૬–૨૦૧૮** ના રોજ **બપોરે ૪–૦૦ કલાકે** રૂમ નં. ૩, કોન્ફરન્સ રૂમ, એકેડેમિક સેન્ટર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે રાખેલ છે. જો આપના ભવનમાંથી આ અંગે કોઈ અધ્યાપકની કોઈ નિયુક્તિ નહી કરાય તો શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે આપના ભવનના વિદ્યાર્થીઓને આ સ્કીમનો લાભ આપી શકાશે નહી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(પ્રો. નિકેશ એ. શાહ)

Co-ordinator
REMEDIAL Coaching Centre
Saurashtra University, Rajkot

Re-Accredited Grade 'A' by NAAC

SC/ST/OBC and Minority under UGC XII PLAN
**REMEDIAL/NET COACHING CENTRE**
C/o, CCDC, Ground Florr, Academic Centre,
B/h. CENTRAL BANK OF INDIA
Saurashtra University, Rajkot
Ph. 0281-2587144

ज्ञान-विज्ञान विमुक्तये

તા. ૨૦/૦૮/૨૦૧૮

**<u>પ્રેસનોટ</u>**

**યુ.જી.સી. નેટ/સેટ અને રેમેડીયલ કોચીંગ સેન્ટરનાં માધ્યમથી.....**
**યુનિવર્સિટીનાં અધ્યાપકોનું વિદ્યાર્થીઓનાં કારકિર્દીલક્ષી "એકસ્ટ્રા હવર્સ"**
**તાલીમનું ઉમદા કાર્ય...**
**૩૦ થી ૬૦ કલાકની પરીક્ષાલક્ષી તાલીમ... અધ્યાપકોનું ટીમ વર્ક...**
**ફાર્મસી, ફિઝીક્સ, હિન્દી, નેનો વિજ્ઞાન અને સમાજશાસ્ત્ર ભવનોમાં**
**તાલીમ શરૂ કરાઈ.....**
**રાષ્ટ્રીય અને રાજ્યની પરીક્ષાઓમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં છાત્રો**
**ઝળહળતી સફળતાઓ.....**

---

કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સીસીડીસી) અને યુ.જી.સી. નેશનલ એલીજીબીલીટી અને સ્ટેટ એલીજીબીલીટી ટેસ્ટ તથા રેમેડિયલ કોચીંગ સેન્ટરનાં સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીનાં ૧૮ જેટલાં ભવનોમાં ભવનનાં અધ્યાપકો મારફત 'ટીમ વર્ક'નાં ભાગરૂપે 'એકસ્ટ્રા હવર્સ'માં નેટ/સ્લેટ પરીક્ષા અને રેમેડિયલમાં જુદાં-જુદાં વિષયોનાં વર્ગો શરૂ કરાયેલ છે. યુ.જી.સી. મારફત દેશની ૫૮૫ જેટલી વિશ્વ વિદ્યાલયોનાં ઉપરોક્ત વર્ગો માટે અનુદાન આપવામાં આવે છે. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મારફત આ વર્ગોનું આયોજન નિરંતર ભવનોનાં અધ્યક્ષશ્રી અને અધ્યાપકોની ટીમ મારફત કરવામાં આવે છે. જેના ભાગરૂપે જી.પી.એસ.સી., નેટ/સ્લેટ પરિક્ષા, જીપેટ, ગેટ વગેરે રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાની પરિક્ષાઓમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં છાત્રો મારફત રાજ્યમાં ગૌરવપ્રદ પરિણામો પ્રાપ્ત કરી 'ટીમ અધ્યાપકો'ની મહેનતને છાત્રો મારફત પરિણામલક્ષી સફળતા લાવી પ્રોત્સાહિત કરાઈ રહી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ પ્રો. નિલામ્બરીબેન દવે અને કુલસચિવશ્રી ડો. ધીરેનભાઈ પંડયાના માર્ગદર્શન હેઠળ જુદાં-જુદાં ભવનોનાં અધ્યાપકોની 'ટીમ વર્ક' થી ઉમદા પ્રકલ્પ સફળતાપૂર્વક પૂરજોશમાં કાર્યરત છે.

યુ.જી.સી. અનુદાનીત ઉપરોકત પ્રકલ્પ અંતર્ગત હિન્દી ભવન ખાતે નેટ/સ્લેટ પેપર–૨ નાં કોચીંગમાં હિન્દી સાહિત્ય અને જુદાં–જુદાં આયામો માટે, ફાર્મસી ભવનમાં જીપેટ અને ગેટ પરીક્ષાની તાલીમ માટે, ફાર્મસી ભવનમાં જીપેટ અને ગેટ પરીક્ષાની તાલીમ માટે, સમાજશાસ્ત્ર ભવનમાં નેટ/સ્લેટ અને રેમેડિયલ કોચીંગ, ફિઝીક્સ ભવનમાં ન્યુક્લિયર ફિઝીક્સ, ઈલેકટ્રોમેગ્નેટીક્સ, ક્વોન્ટમ ફિઝીક્સ વગેરે વિષયો માટે તથા નેનો વિજ્ઞાન ભવનમાં મેથેમેટીકસનો એપ્લાઈડ ફિઝીક્સમાં ઉપયોગ સંદર્ભ ૩૦– ૬૦ કલાકોનું નિઃશુલ્ક તાલીમનું આયોજન કરાયેલ છે. જુદાં–જુદાં ભવનોમાં ઉપરોક્ત પ્રકલ્પ શરૂ કરતાં ફાર્મસી ભવનનાં પ્રો. મિહીરભાઈ રાવલ, ડો. સનીભાઈ શાહ, હિન્દી ભવનનાં પ્રો. બી. કે. કલાસવા, ડો. એસ. કે. મહેતા, ડો. એન.ટી. ગામીત, સમાજશાસ્ત્ર ભવનનાં પ્રો. હરેશભાઈ ઝાલા, ડો. ભરતભાઈ ખેર, ડો. જયશ્રીબેન નાયક, ડો. રાકેશભાઈ ભેદી, ભૌતિકશાસ્ત્ર ભવનનાં પ્રો. મિહીરભાઈ જોષી, ડો. જે. એ. ભાલોડીયા, ડો. નિકશેભાઈ શાહ, નેનો વિજ્ઞાનનાં પ્રો. ભરતભાઈ કટારીયા, ડો. અશ્વિનીબેન જોષી, ડો. આશીષભાઈ રાવલીયા, ડો. શાંતિબેન ઓડેદરાએ વિદ્યાર્થીઓને જુદાં–જુદાં વિષયો ઉપર માર્ગદર્શન આપેલ હતું.

રેમેડિયલ અને યુ.જી.સી. નેટ/સ્લેટ કોચીંગને સફળ બનાવવા ટીમ સીસીડીસીના સર્વ શ્રી સુમિતભાઈ મહેતા, ચિરાગભાઈ તલાટીયા, દિપ્તીબેન ભલાણી, આશીષભાઈ કિડીયા, હિરાબેન કિડીયા, સોનલબેન નિમ્બાર્ક વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

કોર્ડીનેટર,
રેમેડીયલ/નેટ કોચીંગસેન્ટર,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.

Re-Accredited Grade 'A' by NAAC

SC/ST/OBC and Minority under UGC XII PLAN

# REMEDIAL COACHING CENTRE

C/o, CCDC, GROUND FLORR, ACADEMIC CENTRE,
B/h, CENTRAL BANK OF INDIA
SAURASHTRA UNIVERSITY, RAJKOT

ज्ञान-विज्ञान विमुक्तये

---

તા. ૨૪/૦૭/૨૦૧૮

## પ્રેસનોટ

**યુ.જી.સી. – ન્યૂ દિલ્હી અને સી.સી.ડી.સી. અંતર્ગત....**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોનાં વિદ્યાર્થીઓને યુ.જી.સી. નેટ/સ્લેટ પરીક્ષા અને**
**રેમેડીયલ કોચીંગનાં નિઃશુલ્ક વર્ગો શરૂ કરાયા....**
**ઈતિહાસ, ગુજરાતી, રસાયણશાસ્ત્ર મળીને ૧૮ ભવનોમાં "એકસ્ટ્રા વર્ગો" નું આયોજન....**
**અનુસ્નાતક ભવનનાં અધ્યાપકોની નોંધનીય કામગીરી....કુલપતિ પ્રો. નિલાંબરીબેન દવે**

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતાં છાત્રોને નેટ/સ્લેટ પરીક્ષામાં સફળતા મળે અને રાજ્યનાં સૌથી વધારે છાત્રો અને છાત્રાઓને અધ્યાપક બનવા જરૂરી યુ.જી.સી. આયોજીત નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (નેટ) તથા રાજ્ય સરકારશ્રીની એમ.એસ. યુનિવર્સિટી આયોજીત સ્ટેટ એલીજીબીલીટી ટેસ્ટ (જીસેટ) માં નવા માળખા મુજબ તાલીમ આપવા યુ.જી.સી. અંતર્ગત નેટ/સ્લેટ કોચીંગ સેન્ટરનાં માધ્યમથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સમયાંતરે સી.સી.ડી.સી. મારફત પેપર–૧ અને જુદાં–જુદાં અનુસ્નાતક ભવનો મારફત વિષય પ્રમાણે પેપર–૨/૩ ની તાલીમ "એકસ્ટ્રા વર્કીંગ કલાકો" માં નિઃશુલ્ક આપવાનું આયોજન થાય છે. ભારત દેશની અંદાજીત ૫૪૫ જેટલી વિશ્વ વિદ્યાલયોને આ પ્રકારનાં આયોજન માટે અનુદાન મળે છે. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મારફત રેગ્યુલર આયોજનો કરી વિદ્યાર્થીઓને તેનો લાભ આપવામાં આવી રહ્યો છે, અનુસ્નાતક ભવનનાં અધ્યાપકો મારફત સમયદાન અને જ્ઞાનરૂપી માર્ગદર્શન થકી રાજ્યમાં સૌથી વધુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ સફળતા મેળવે છે અને 'અધ્યાપક' તરીકે નોકરી પ્રાપ્ત કરે છે.

યુ.જી.સી. મારફત અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ જુદી–જુદી કોલેજો અને જુદાં – જુદાં સ્થાનેથી આવતાં હોય, પી.જી. અને યુ.જી. અભ્યાસક્રમને સાંકળતી કડીઓ કે જે ખૂબ જ અગત્યની હોય તે પ્રકારનો જે – તે વિષયનો અભ્યાસક્રમને સાંકળતી કડીઓ કે જે ખૂબ અગત્યની હોય તે પ્રકારનો જે – તે વિષયનો અભ્યાસક્રમ જરૂરિયાત પ્રમાણે ડીઝાઈન કરી 'રેમેડિયલ કોચીંગ' ના માધ્યમથી વિદાર્થીઓને ભણાવવામાં આવે તો વિદ્યાર્થીઓને તેની કારકિર્દીમાં ઉપયોગી થાય તે પ્રકારની બ્રિજ કોર્ષની રેમેડીયલ સ્કીમ હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં જુદાં–જુદાં અનુસ્નાતક ભવનોમાં અધ્યાપકો અને છાત્રો તેમનાં રેગ્યુલર અભ્યાસ સમય કરતાં વધારાનો સમય ફાળવી ૩૦ થી ૬૦ કલાકનું નિઃશુલ્ક

કોચીંગ કરાવવામાં આવે છે આજ સુધીમાં અંદાજીત ૫૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓને જુદાં–જુદાં વિષયોમાં તાલીમા આપવામાં આવેલ છે. તાજેતરમાં ૧૪ જેટલાં અનુસ્નાતક ભવનોમાં યુ.જી.સી. નેટ/સ્લેટ અને રેમેડીયલ કોચીંગના વર્ગો શરૂ થવાના છે.

યુ.જી.સી. નેટ/સ્લેટ અને રેમેડીયલ કોચીંગના વર્ગોનું ઉદઘાટન કુલપતિશ્રી પ્રો. નિલાંબરીબેન દવેનાં અધ્યક્ષસ્થાને રસાયણશાસ્ત્ર ભવન, ગુજરાતી ભવન, ઈતિહાસ ભવન ખાતે કરવામાં આવેલ જેમાં રસાયણશાસ્ત્ર ભવનનાં અધ્યક્ષ પ્રો. એચ.એસ. જોષી, ભવનનાં કો–ઓર્ડીનેટર ડો. રંજનબેન ખૂંટ, ઈતિહાસ ભવનનાં અધ્યક્ષ સિન્ડીકેટ સદસ્ય પ્રો. પ્રફુલ્લાબેન રાવલ, પ્રો. કલ્પનાબેન માણેક, ભવનનાં કો–ઓર્ડીનેટર પ્રો. અનસુયાબેન ચોથાણી, ગુજરાતી ભવનનાં અધ્યક્ષ પ્રો. નિતીનભાઈ વડગામા, પ્રો. બિપીનભાઈ આશર, ભવન કો–ઓર્ડીનટર પ્રો. દિપકભાઈ પટેલ અને સીસીડીસીના સંયોજક પ્રો. નિકેશભાઈ શાહ ઉપસ્થિત રહેલ. કુલપતિશ્રી પ્રો. દવે એ વધારાનો સમય ફાળવી વિદ્યાર્થીઓની કારર્કિદીલક્ષી કામગીરીમાં જોડાતાં કેમ્પસનાં અધ્યાપકોને અભિનંદન પાઠવેલ અને વિદ્યાર્થીઓને મહત્તમ લાભ લેવા અનુરોધ કરેલ હતો.

રેમેડિયલ અને યુ.જી.સી. નેટ/સ્લેટ કોચીંગને સફળ બનાવવા ટીમ સીસીડીસીના સર્વ શ્રી સુમિતભાઈ મહેતા, ચિરાગભાઈ તલાટીયા, દિપ્તીબેન ભલાણી, આશીષભાઈ કિડીયા, હિરાબેન કિડીયા, સોનલબેન નિમ્બાર્ક જહેમત ઉઠાવેલ હતી.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

Sd/- [signature]
Co-ordinator
REMEDIAL Coaching Centre
Saurashtra University, Rajkot

SC/ST/OBC and Minority under UGC XII PLAN

# REMEDIAL COACHING CENTRE

C/o, CCDC, GROUND FLORR, ACADEMIC CENTRE,
B/h, CENTRAL BANK OF INDIA
SAURASHTRA UNIVERSITY, RAJKOT

Re-Accredited Grade
'A' by NAAC

ज्ञान-विज्ञान विमुक्तये

તા. ૨૪/૦૭/૨૦૧૮

## <u>પ્રેસનોટ</u>

**યુ.જી.સી. – ન્યૂ દિલ્હી અને સી.સી.ડી.સી. અંતર્ગત....**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોનાં વિદ્યાર્થીઓને યુ.જી.સી. નેટ/સ્લેટ પરીક્ષા અને**
**રેમેડીયલ કોચીંગનાં નિ:શુલ્ક વર્ગો શરૂ કરાયા....**
**ઈતિહાસ, ગુજરાતી, રસાયણશાસ્ત્ર મળીને ૧૮ ભવનોમાં "એકસ્ટ્રા વર્ગો" નું આયોજન....**
**અનુસ્નાતક ભવનનાં અધ્યાપકોની નોંધનીય કામગીરી....કુલપતિ પ્રો. નિલાંબરીબેન દવે**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતાં છાત્રોને નેટ/સ્લેટ પરીક્ષામાં સફળતા મળે અને રાજ્યનાં સૌથી વધારે છાત્રો અને છાત્રાઓને અધ્યાપક બનવા જરૂરી યુ.જી.સી. આયોજીત નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (નેટ) તથા રાજ્ય સરકારશ્રીની એમ.એસ. યુનિવર્સિટી આયોજીત સ્ટેટ એલીજીબીલીટી ટેસ્ટ (જીસેટ) માં નવા માળખા મુજબ તાલીમ આપવા યુ.જી.સી. અંતર્ગત નેટ/સ્લેટ કોચીંગ સેન્ટરનાં માધ્યમથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સમયાંતરે સી.સી.ડી.સી. મારફત પેપર–૧ અને જુદાં–જુદાં અનુસ્નાતક ભવનો મારફત વિષય પ્રમાણે પેપર–૨/૩ ની તાલીમ "એકસ્ટ્રા વર્કીંગ કલાકો" માં નિ:શુલ્ક આપવાનું આયોજન થાય છે. ભારત દેશની અંદાજીત ૫૪૫ જેટલી વિશ્વ વિદ્યાલયોને આ પ્રકારનાં આયોજન માટે અનુદાન મળે છે. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મારફત રેગ્યુલર આયોજનો કરી વિદ્યાર્થીઓને તેનો લાભ આપવામાં આવી રહ્યો છે, અનુસ્નાતક ભવનનાં અધ્યાપકો મારફત સમયદાન અને જ્ઞાનરૂપી માર્ગદર્શન થકી રાજ્યમાં સૌથી વધુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ સફળતા મેળવે છે અને 'અધ્યાપક' તરીકે નોકરી પ્રાપ્ત કરે છે.

યુ.જી.સી. મારફત અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ જુદી–જુદી કોલેજો અને જુદાં – જુદાં સ્થાનેથી આવતાં હોય, પી.જી. અને યુ.જી. અભ્યાસક્રમને સાંકળતી કડીઓ કે જે ખૂબ જ અગત્યની હોય તે પ્રકારનો જે – તે વિષયનો અભ્યાસક્રમને સાંકળતી કડીઓ કે જે ખૂબ અગત્યની હોય તે પ્રકારનો જે – તે વિષયનો અભ્યાસક્રમ જરૂરિયાત પ્રમાણે ડીઝાઈન કરી 'રેમેડિયલ કોચીંગ' ના માધ્યમથી વિદાર્થીઓને ભણાવવામાં આવે તો વિદ્યાર્થીઓને તેની કારકિર્દીમાં ઉપયોગી થાય તે પ્રકારની બ્રિજ કોર્ષની રેમેડીયલ સ્કીમ હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં જુદાં–જુદાં અનુસ્નાતક ભવનોમાં અધ્યાપકો અને છાત્રો તેમનાં રેગ્યુલર અભ્યાસ સમય કરતાં વધારાનો સમય ફાળવી ૩૦ થી ૬૦ કલાકનું નિ:શુલ્ક

"અકિલા" તા. ૨૪-૭-૨૦૧૯ - બુધવાર.

# નેટ-સ્લેટ પરીક્ષા માટે રેમેડીયલ કોચીંગ વર્ગોનો પ્રારંભ





રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતાં છાત્રોને નેટ/સ્લેટ પરીક્ષામાં સફળતા મળે અને રાજ્યનાં સૌથી વધારે છાત્રો અને છાત્રાઓને અધ્યાપક બનવા જરૂરી યુ.જી.સી. આયોજીત નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ(નેટ) તથા રાજ્ય સરકારશ્રીની એમ.એસ. યુનિવર્સિટી આયોજીત સ્ટેટ એલીજીબીલીટી ટેસ્ટ(સ્લેટ) માં નવા માળખા મુજબ તાલીમ આપવા યુ.જી.સી. અંતર્ગત નેટ/સ્લેટ કોચીંગ સેન્ટરનાં માધ્યમથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સમયાંતરે સી.સી.ડી.સી. મારફત પેપર-૧ અને જુદાં-જુદાં અનુસ્નાતક ભવનો મારફત વિષય પ્રમાણે પેપર-૨/૩ ની તાલીમ "એકસ્ટ્રા વર્કીંગ કલાકો" માં નિઃશુલ્ક આપવાનું આયોજન થાય છે. ભારત દેશની અંદાજીત ૫૪૫ જેટલી વિશ્વ વિદ્યાલયોને આ પ્રકારનાં આયોજન માટે અનુદાન મળે છે. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મારફત રેગ્યુલર આયોજનો કરી વિદ્યાર્થીઓને તેનો લાભ આપવામાં આવી રહયો છે. અનુસ્નાતક ભવનનાં અધ્યાપકો મારફત સમયદાન અને જ્ઞાનરૂપી માર્ગદર્શન થકી રાજ્યમાં સૌથી વધુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ સફળતા મેળવે છે અને 'અધ્યાપક' તરીકે નોકરી પ્રાપ્ત કરે છે. યુ.જી.સી. મારફત અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ જુદી-જુદી કોલેજો અને જુદાં-જુદાં સ્થાનેથી આવતાં હોય, પી.જી. અને યુ.જી. અભ્યાસક્રમને સાંકળતી કડીઓ કે જે ખૂબ જ અગત્યની હોય તે પ્રકારનો જે-તે વિષયનો અભ્યાસક્રમને સાંકળતી કડીઓ કે જે ખૂબ અગત્યની હોય તે પ્રકારનો જે-તે વિષયનો અભ્યાસક્રમ જરૂરિયાત પ્રમાણે ડિઝાઈન કરી 'રેમેડીયલ કોચીંગ' ના માધ્યમથી વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે તો વિદ્યાર્થીઓને તેની કારકિર્દીમાં ઉપયોગી થાય તે પ્રકારની બ્રિજ કોર્ષની રેમેડીયલ સ્કીમ હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં જુદાં-જુદાં અનુસ્નાતક ભવનોમાં અધ્યાપકો અને છાત્રો તેમનાં રેગ્યુલર અભ્યાસ સમય કરતાં વધારાનો સમય ફાળવી ૩૦ થી ૬૦ કલાકનું નિઃશુલ્ક કોચીંગ કરાવવામાં આવે છે આજ સુધીમાં અંદાજીત ૫૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓને જુદાં-જુદાં વિષયોમાં તાલીમ આપવામાં આવેલ છે. તાજેતરમાં ૧૪ જેટલાં અનુસ્નાતક ભવનોમાં યુ.જી.સી. નેટ/સ્લેટ અને રેમેડીયલ કોચીંગના વર્ગો શરૂ થવાના છે.

યુ.જી.સી. નેટ/સ્લેટ અને રેમેડીયલ કોચીંગના વર્ગોનું ઉદ્ઘાટન કુલપતિ પ્રો. નિલાંબરીબેન દવેના અધ્યક્ષસ્થાને રસાયણશાસ્ત્ર ભવન, ગુજરાતી ભવન, ઈતિહાસ ભવન ખાતે કરવામાં આવેલ જેમાં રસાયણશાસ્ત્ર ભવનનાં અધ્યક્ષ પ્રો. એચ.એસ. જોષી, ભવનનાં કો-ઓર્ડીનેટર ડો. રંજનબેન ખૂંટ, ઈતિહાસ ભવનનાં અધ્યક્ષ સિન્ડીકેટ સદસ્ય પ્રો. પ્રફુલ્લાબેન રાવલ, પ્રો. કલ્પનાબેન માણેક, ભવનનાં કો-ઓર્ડીનેટર પ્રો. અનસુયાબેન ચોથાણી, ગુજરાતી ભવનનાં અધ્યક્ષ પ્રો. નીતિનભાઈ વડગામા, પ્રો. બિપીનભાઈ આશર, ભવન કો-ઓર્ડીનેટર પ્રો. દિપકભાઈ પટેલ અને સીસીડીસીના સંયોજક પ્રો. નિકેશભાઈ શાહ ઉપસ્થિત રહેલ. કુલપતિ પ્રો. દવેએ વધારાનો સમય ફાળવી વિદ્યાર્થીઓની કારકિર્દીલક્ષી કામગીરીમાં જોડાતાં કમ્પસનાં અધ્યાપકોને અભિનંદન પાઠવેલ અને વિદ્યાર્થીઓને મહત્તમ લાભ લેવા અનુરોધ કરેલ હતો.

રેમેડીયલ અને યુ.જી.સી. નેટ/સ્લેટ કોચીંગને સફળ બનાવવા ટીમ સીસીડીસીના સુમિતભાઈ મહેતા, ચિરાગભાઈ તલાટીયા, હિમીબેન ભલાણી, આશીષભાઈ કિડીયા, હિરાબેન કિડીયા, સોનલબેન નિમ્બાર્ક જહેમત ઉઠાવેલ હતી.

SC/ST/OBC and Minority under UGC XII PLAN

# REMEDIAL COACHING CENTRE

C/o, CCDC BUILDING, B/h, CENTRAL BANK OF INDIA
SAURASHTRA UNIVERSITY, RAJKOT

Re-Accredited Grade 'A' by NAAC

ज्ञान-विज्ञान विमुक्तये

ता. २६/११/२०१८

પ્રતિ,
અધ્યક્ષશ્રી,
.................................ભવન.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**વિષય :– રેમેડિયલ કોચીંગ ક્લાસ UG/PG સ્કીમ...**

માનનીય,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યુ.જી.સી.ની ૧૨મી પંચવર્ષીય યોજના અન્વયે રેમેડિયલ કોચીંગ ક્લાસ UG/PG સ્કીમ અમલમાં મૂકેલ છે. ૧૨મી પંચવર્ષીય યોજના અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન FOUNDATION PROGRAMME FOR BASIC SUBJECTS OF U.G./P.G. LEVEL ના વિષયો માટે **ડિસેમ્બર–૨૦૧૮** થી રેમેડિયલ કોચીંગ કલાસનું આયોજન કરવામાં આવનાર છે. જે માટેના કોર્સના ઘડતર માટે તથા આપના ભવનના વિદ્યાર્થીઓને આ સ્કીમનો લાભ આપી શકાય તે માટે ભવનના એક અધ્યાપકશ્રીને નિયુકત કરીને તેમના નામ, મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ અત્રેના સેન્ટરને **તા. ૧૦–૧૨–૨૦૧૮** સુધીમાં મોકલી આપવા વિનંતી છે. આ માટે આવા નિયુકત અધ્યાપકશ્રીઓની એક મીટીંગ આ કોર્ષના ઘડતર માટે આગામી **તા. ૧૨–૧૨–૨૦૧૮** ના રોજ **બપોરે ૪–૦૦ કલાકે** રૂમ નં. ૩, કોન્ફરન્સ રૂમ, સીસીડીસી બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે રાખેલ છે. જો આપના ભવનમાંથી આ અંગે કોઈ અધ્યાપકની કોઈ નિયુકિત નહી કરાય તો શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે આપના ભવનના વિદ્યાર્થીઓને આ સ્કીમનો લાભ આપી શકાશે નહી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(પ્રો. નિકેશ એ. શાહ)
Co-ordinator
REMEDIAL Coaching Centre
Saurashtra University, Rajkot

# સૌ.યુનિ.માં યુજીસી નેટ/સ્લેટ પરીક્ષાના રેમેડિયલ કોચીંગના વર્ગો શરૂ કરાયા

રાજકોટ, તા.૨૭: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતા છાત્રોને નેટ/સ્લેટ પરીક્ષામાં સફળતા મળે અને રાજ્યના સૌથી વધારે છાત્રો અને છાત્રાઓને અધ્યાપક બનવા જરૂરી યુ.જી.સી. આયોજીત નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (નેટ) તથા રાજ્ય સરકારની એમ.એસ. યુનિવર્સિટી આયોજીત સ્ટેટ એલીજીબીલીટી ટેસ્ટ (જીસેટ)માં નવા માળખા મુજબ તાલીમ આપવા યુ.જી.સી. અંતર્ગત નેટ/સ્લેટ કોચીંગ સેન્ટરના માધ્યમથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સમયાંતરે સી.સી.ડી.સી. મારફત પેપર-૧ અને જુદાં-જુદાં અનુસ્નાતક ભવનો મારફત વિષય પ્રમાણે પેપર-૨/૩ની તાલીમ ''એકસ્ટ્રા વર્કીંગ કલાકો''માં નિ:શુલ્ક આપવાનું આયોજન થાય છે.



કોચીંગ વર્ગના પ્રારંભ પ્રસંગની તસવીર.

સૌરાષ્ટ્ર યુનિ.માં યુ.જી.સી. નેટ/સ્લેટ અને રેમેડીયલ કોચીંગના વર્ગોનું ઉદ્‌ઘાટન કુલપતિ પ્રો.નિલાંબરીબેન દવેના અધ્યક્ષસ્થાને રસાયણ શાસ્ત્ર ભવન, ગુજરાતી ભવન, ઈતિહાસ ભવન ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં રસાયણશાસ્ત્ર ભવનનાં અધ્યક્ષ પ્રો. એચ. એસ. જોષી, ભવનનાં કો-ઓર્ડીનેટર ડો. રંજનબેન ખૂંટ, ઈતિહાસ ભવનનાં અધ્યક્ષ સિન્ડીકેટ સદસ્ય પ્રો.પ્રફુલ્લાબેન રાવલ, પ્રો.કલ્પનાબેન માણેક, ભવનનાં કો-ઓર્ડીનેટર પ્રો.અનસુયાબેન ચોથાણી, ગુજરાતી ભવનનાં અધ્યક્ષ પ્રો.નિતીનભાઈ વડગામા, પ્રો.બિપીનભાઈ આશર, ભવન કો-ઓર્ડીનેટર પ્રો.દિપકભાઈ પટેલ અને સીસીડીસીના સંયોજક પ્રો.નિકેશભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતા. કુલપતિ પ્રો.દવેએ વધારાનો સમય ફાળવી વિદ્યાર્થીઓની કારકિર્દીલક્ષી કામગીરીમાં જોડાતાં કેમ્પસના અધ્યાપકોને અભિનંદન પાઠવી વિદ્યાર્થીઓને મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

ફુલછાબ. 28-7-2018
શનિવાર.


Remedial Coaching Centre
Saurashtra University, Rajkot - 360005
(Under UGC XII PLAN)
ફાર્મસી ભવન
સમાજશાસ્ત્ર ભવન
નેનો સાયન્સ ભવન
Remedial Coaching Centre
ફિઝીક્સ ભવન

